શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૫
અંક : ૯

## પ્રેરક પ્રસંગ: ગરીબોનાં જ બા

એકવાર ગાંધીજી સેવાગ્રામ હતા ત્યારે કસ્તૂરબા બહારગામથી આવવાનાં હતા. બધાં પૂછવા લાગ્યાં, બા ક્યારે આવશે ? બા કઈ ગાડીમાં આવશે ? કસ્તૂરબા સુરત તરફ ગયેલાં હતાં. મુંબઈ પહોંચી ત્યાંથી વર્ધા આવી શકાય પણ એ લાંબો અને મોંઘો રસ્તો. સુરત જઈ "ટાપ્ટીવેલી" ગાડીમાં ભૂસાવળ રસ્તે આવે તો ભાડું ઓછું થાય. એક બહેન બાને મળવા ખાસ રોકાયાં હતા. મુંબઈ તરફથી ગાડી આવવાની હતી. એ બહેને પૂછ્યું, બા અત્યારે તો આવશે ને ? બાપુએ કહ્યું : જો બા પૈસાદારોનાં બા હશે તો અત્યારે આવશે અને ગરીબોનાં બા હશે તો સુરત થઈ "ટાપ્ટીવેલી" માં સવારે આવશે.

અને બા, ગરીબોનાં બા, ખરેખર બીજે દિવસે સવારે આવ્યાં. આ અનોખા દંપતીના મિત્ર હોરેસ અલેકઝાંડરે નોધ્યું છે કે બા અને બાપુ એક ઘરમાં હોય, પાસેના ઓરડામાં હોય, કશું ખાસ એકમેક સાથે બોલે નહી, પણ આપણે આખો વખત લાગ્યાં કરે બંને એકમેકને ઊંડે ઊંડે ખૂબ સમજે છે. સ્ત્રીઓમાં ભારે કોઠાસૂઝ હોય છે. એ કોઠાસુઝથી તેઓ વસ્તુના હાર્દને ઝટ પકડી લે છે. અને એકવાર મનમાં નકકી કરી લે પછી, તે પ્રમાણે વર્તવું એમને માટે સાવ સ્વાભાવિક બની જાય છે. કસ્તૂરબાએ કોઠાસુઝથી બાપુનાં જીવનનું વલણ એકવાર સમજી લીધું પછી નાની નાની બાબતમાં કેમ વર્તવું, એ એમને અંદરથી સમજાય જતું. બાપુને પણ એમની આ આંતરસૂઝ ઉપર પૂરો વિશ્વાસ બેસી ગયો હતો.

**સાભાર : જીવન ઘડતર પ્રેરક પુસ્તકમાંથી**

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**કપરા સંજોગમાં જે હિંમત રાખીને ચાલે છે એને વહેલી કે મોડી સફળતા મળીને જ રહે છે.**

## વ્યવસાયિક તાલીમોનો વિકાસ

અસંગઠિત ક્ષેત્રોમાં તાલીમના પડકારો અને તકોને વિકસાવવા માટેના માર્ગદર્શન અર્થે ફંકશનલ વોકેશનલ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ સોસાયટી (એફવીટીઆરએસ) અને ઉન્નતિ દ્વારા તા. ૩૦/૮/૧૩ ના રોજ એક બેઠક યોજાઈ. બિનોય આચાર્ય, (ડાયરેકટર ઉન્નતિ, હિના શાહ, (ડાયરેકટર આઈસેડ) અને ફેલીક્ષ ડીસોઝા, (પ્રોગ્રામ ઓફીસર એફવીટીઆરએસ) એ ઉપસ્થિત રહી પોતાના અનુભવો તથા વોકેશનલ તાલીમો કરવા અંગેની વિગતો જણાવી હતી. આ ઉપરાંત મુકેશ પંચોલીએ સાથ સંસ્થાની તાલીમ માટેની પ્રક્રિયાઓ તથા તે વ્યકિતઓને રોજગાર આપવા સુધીની પ્રક્રિયા જણાવી.

આ બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર ભારતમાં ૨% લોકો સરકારી વિભાગમાં ૫% લોકો ફોરમલ– નોન ફોરમલ વિભાગમાં જયારે ભારતમાં ૯૩% લોકો અસંગઠિત ક્ષેત્રોમાં  કાર્ય કરી પોતાની રોજગારી મેળવી રહયા છે. તો તેઓની કાર્યક્ષમતામાં વધારો કરવો જરૂરી છે. ભારતમાં વિશાળ રોજગારીની તકો છે. પરંતુ વ્યવસાયી તાલીમના સ્ત્રોતો ઉપલબ્ધ ન હોય એફવીટીઆરએસ સ્થાનિક સંગઠનો સાથે રહી આ પ્રકારના કાર્યોને પ્રોત્સાહન આપશે તે પ્રકારે ચર્ચાઓ હાથ ધરાઈ હતી. હાલના સમયમાં અસંગઠિત ક્ષેત્રોમાં રોજગારીની વિશાળ તકો રહેલી છે. પરંતુ ક્ષમતાની અછત જોવા મળે છે. પ્લમ્બર, કૂક વગેરેની ખૂબ માંગ જોવા મળે છે. પરંતુ તેઓ સહેલાઈથી નથી ઉપલબ્ધ થતા આથી જ કહેવાયું છે કે

*"You can find doctor easily But can't Plumber"*

અર્થાત તમે ડોકટરને સહેલાઈથી શોધી શકો પરંતુ એક પ્લમ્બર માટે તમારે રાહ જોવી પડે છે. તેની એપોઈન્ટમેન્ટ લેવી પડે છે. વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો દ્વારા આ પ્રકારની તમામ સમસ્યા હલ કરી શકાય છે.

## ગઝલ – મન મુકીને વરસ

બેચાર છાંટાથી છીપે, એવી નથી મારી તરસ,
તારે વરસવું હોયતો આકાશ, મન મૂકી વરસ.
નાંખ છત્રીને ધરામાં, નિર્વસનથૈનેનીકળ,
આવું ચોમાસું ભલા ન આવતું વરસો વરસ.
મઘ મઘુંહુંહેમ થઈને,ઝગમગું સૌરભ બની.
તું મને સ્પર્શે તો મિતવા આવ તેરી તેસ્પરશ.
કોઈ મારામાં વસે છે, નેશ્વસે છે રાતદિન
એમને જો તું સતત, પણ નાથતાં એનાદરશ.
અંગ પરથી વસ્ત્ર જળની જેમ સરતાં જાય છે.
કોણ સામે તીરબજવે બાંસુરી એવી સરસ.
સાંકડે મારગ, મદોન્મત્તહાથિણીસામેખડો.
કાંછૂદી નાંખે મને, કાંમસ્ત કે ઢોળે કળશ.

**– પુરુરાજ જોષી**

**કોઈને શબ્દોથી કાપો નહિ પણ કોઈના દિલમાં સુંદર શબ્દો રોપો.**

**જાણવા જેવું :**

- દિલ્હીના પ્રાણી સંગ્રહાલયમાં ચાર ફુટ લાંબી એક ગરોળી છે, જે ઝેરી નથી.
- પૃથ્વી આખેઆખી ગોળ નથી. તે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પાસે સહેજ દબાયેલી એટલે કે ચપટી છે.
- રોકેટની ઉત્પતિ તેરમી સદીમાં ચીનમાં થઈ હોવાનુ માનવામાં આવે છે.
- પ્લુટો ગ્રહનો એક દિવસ પૃથ્વીના સાત દિવસ જેટલો લાંબો હોય છે.
- સેકન્ડના સોમાં ભાગને જિફી તરીકે ઓળખવામાં આવે છે.
- એક રીંછનુ વજન ૪૦૦થી ૬૦૦ કિલો હોય છે.
- વિશ્વની પહેલી નવલકથા ધ સ્ટોરી ઓફ ગેન્જી જાપાનીઝ મહિલા મુરાસાકી શિકિબુએ ૧૦૦૭માં લખી હતી.
- ઘડિયાળની શોધ પીટર હેલનેને કરી હતી.
- રશિયાના વેલેન્ટિના ટેરેશ્કોવા પ્રથમ મહિલા અવકાશયાત્રી હતા.
- અંગ્રેજી મુળાક્ષરોમાં સ્મોલ લેટર આઈમાં જે મીડુ કરવામાં આવે છે તેને ટાઈટલ તરીકે ઓળખવામાં આવે છે.

**May this Encourage You, Always**

Don't spend major with minor people.
If there are people in your life who continually disappoint you, break promises, stomp on your dreams, are too judgmental, have different values and don't have your back during difficult times...that is not friendship.
To have a friend, be a friend.
Sometimes in life as you grow, your friends will either grow or go. Surround yourself with people who reflect values, goals interests and lifestyles.
When I think of any of my success,
I am thankful to God from whom all blessings flow, and to my family and friends who enrich my life.
Over the years my phone book has changed because I changed, for the better.
At first, you think you're going to be alone, but after a while, new people show up in your life that makes it so much sweeter and easier to endure.
Remember what your elders used to say,
"Birds of a feather flock together.
If you're an eagle, don't hang around chickens:
Chickens can't fly!"

**યશ મિત્રનું કામ કરે છે. અને તેને પ્રાપ્ત કરીને બધાજ પ્રસન્ન થાય છે.**

# એકસપોઝર વિઝીટ અને તાલીમ

ખાંભા તાલુકામાં રચાયેલ ફાર્મર્સ કલબના ખેડૂતો તથા ડાયવર્સીફાઈડ ફાર્મીંગ સાથે જોડાયેલ જાફરાબાદ અને ઉના તાલુકાના ખેડુતોની તાલીમ અને પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. ખેડુતોએ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ તેની જળ સંચય ક્ષમતા, ડેમની ઉચાઈ, નહેર, પાણીની ક્ષમતા, કેટલા લોકોને ફાયદો થશે તથા તેના પાણીથી વીજ ઉત્પાદન કઈ રીતે કરવામાં આવે છે તેનાથી ખેડુતો માહીતગાર થયા. જળ સંચય તથા વીજ ઉત્પાદન કઈ રીતે કરવામાં આવે છે તથા ડેમની ઉચાઈ, નહેર, પાણીની ક્ષમતા, કેટલા લોકોને ફાયદો થશે વગેરે



બાબતોની માહીતી આપવામા આવી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ચાસવડમાં તુષાર ભાલાણી તથા દેવેન્દ્ર મોદીએ કેન્દ્રની પ્રવૃતિઓથી માહીતગાર કર્યા. ખેતી તથા પશુપાલન ફાર્મ પર ફિલ્ડ વિઝીટ યોજાઈ, જેમા ભેંસ કે ગાય વારંવાર ઉથલો મારે તો તેમાં કેલ્શિયમ અને વિટામીન માટે મીગલનો પાઉડર એક બાકસની પેટી જેટલો ખાણમાં નાખી ખવડાવવો. ઈતડા કે ડુવાળ માટે પશુની નીચેથી એક દોઢ ફુટ જમીન ખોદી નવી માટી નાખવી. પશુના ગમાણમાં તિરાડ હોય તો તેને બુરવી જરૂરી છે. દુધાળા પશુને કેલ્શિવેલ આપવાથી કોઈ આડ અસર થતી નથી. તેના શરીરમાં જે વિટામીન કે કેલ્શિયમ ઘટે છે. તે તેને મળી રહે છે તેથી તેના દુધમાં વધારો થાય છે. પશુના લીલા ચારા માટે

**ઈશ્વર એક જ છે. ભકતો જુદી જુદી રીતે તેને વર્ણવે છે.**

ગજરાજ ઘાસની વાવણી કરવી. પશુના છાણનો ઉપયોગ વર્મી કમ્પોસ્ટ ખાતર માટે કરવો વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવવાની પધ્ધતિ માટે રૂબરૂ યુનિટ તથા પશુના લીલા ચારા માટે સાયલેજ યુનિટમાં કાયમી લીલા ચારો મળી રહે છે તે જોયુ.

બીજા દિવસે કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નવસારીના કોર્ડીનેટર ડૉ. સી. કે. ટીંબડીયાએ ખેડૂતોને આવકારી બે દિવસના કાર્યક્રમની રૂપરેખા આપી. સુક્ષ્મ પિયત પધ્ધતિથી પાણી અને પોષક તત્વો નિયમિત પણે છોડને મળે છે. નીકપાળા કે સપાટી કયારા પધ્ધતિમાં પાણી આપ્યાથી શરૂઆતના ચાર દિવસો મુળને હવા મળતી નથી પછીના સાત દિવસ જ મુળને પુરતો



ભેજ મળતો નથી જેવી મુળભૂત માહિતી સાથે તે તમામ પધ્ધતિઓનુ ફીલ્ડ વીઝીટમાં નિદર્શન કરાવ્યુ હતુ. ફેરોમેન ટ્રેપ, પીંજર પાકની વાવણી, પરજીવી–પરભક્ષી કીટકો, યાંત્રિક નિયંત્રણ, એન.પી.વી.નો ઉપયોગ, સલામત જંતુનાશક દવાનો ઉપયોગ વિગેરે બાબતો ઉંડાણપુર્વક સમજ ડૉ. જી.જી.રાદડીયાએ આપી હતી. કંદમુળના પાકો માટે ડૉ.કેતન દેસાઈએ માહીતી આપી હતી. સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ રીચર્સ ફાર્મ પર ફિલ્ડ વિઝીટ કરવામા આવી. જેમા ડૉ. એસ. કે. દેસાઈએ વિવિધ પાકમાં કેટલુ, કેવુ અને કેવી રીતે પાણી આપવુ તથા ખારી જમીનમા વવાતા પાકોની માહિતી આપી હતી. નાબાર્ડ તથા સીએસપીસીનો આ કાર્ય માં સહયોગ પ્રાપ્ત થયો હતો.

**પરમાત્માની શકિત અમર્યાદ છે, માત્ર આપણી શ્રધ્ધા જ અલ્પ હોય છે.**

## ગુણવતાથી કામ કરો, ઉત્તમતાની ખોજ કરો

તમારા ધ્યેય સુધી પહોંચવા માટે તમારી આંકાક્ષાઓની સાથે યોગ્યતાઓમાં વૃધ્ધિ કરતાં જાઓ. દરેક કામ ગુણવત્તાસભર અને શ્રેષ્ઠ કરવાનો આગ્રહ સેવો. જાણીતા ધારા શાસ્ત્રી નાની પાલખીવાલા વાર્ષિક બજેટ આવે ત્યારે ચાર પાંચ દિવસ બજેટના બધા પેપર્સનો સૂક્ષ્મ અભ્યાસ કરતા અને પછી મુંબઈમાં એક જ પ્રવચન આપતા જે સાંભળવા માટે, ક્રિકેટમાં સુનીલ ગાવસ્કરને જોવા માટે જેટલી મેદની એકઠી થાય તેટલી એકત્ર થતી. ઉત્તમતાની ખોજ અને સિધ્ધિમાં તફાવત છે ખોજ એ જીવન ભરની યાત્રા છે. તેનો અંત નથી. સિધ્ધિ મળે કે ન મળે પણ ખોજ ચાલુ રહેવી જોઈએ અને તે માટે તમારામાં લગન હોવી જોઈશે.

બહુરાષ્ટ્રીય કંપનીઓના કર્મચારીઓને બહુ સારા પગારો મળે છે પણ દરેકે સોંપેલા પ્રોજેકટને લક્ષને નિશ્ચિત સમયમાં ઉતમ રીતે સિધ્ધ કરવાનો હોય છે. કલાકો અહીં મહત્વના નથી કામની ગુણવત્તા મહત્વની છે. કામમાં ચોકકસાઈ અને અસરકારતા આવવા જોઈએ વૈશ્વિકીકરણ થયા બાદ શ્રેષ્ઠ વસ્તુ અને સેવાઓ જ ટકી રહેવાની છે. ગુણવત્તાની ખાત્રી વગરનું ઉત્પાદન કે સેવા, ખેતરમાં અનાજને બદલે નકામા ઉગતા ઘાસ જેવા છે. ટાઈપકામ, પત્રવ્યવહાર, ઓફીસ ગોઠવણી જેવા નાના કામોથી માંડી ઉત્પાદન કે સેવા ક્ષેત્રે સર્વત્ર ગુણવત્તાનો આગ્રહ રાખો. ગીજુભાઈ નાના બાળકોના શ્રેષ્ઠ શિક્ષક બની શકયા તેનું કારણ તેમણે પોતાની વકીલાત તરીકેની મોટપ, અહમનો કાળો ડગલો ઉતારી નાખ્યો. બાળ કોની સાથે નાચતા અને કુદતા, અભિયાન કરતા કે રમત રમતા. તે સાવ નાના બાળક થઈ જતા પરિણામે બાળકોની મનોદશા ગીજુભાઈ પારખી શકયા અને તેથી બાળલક્ષી શિક્ષણના સિધ્ધાંતો તારવીને સમાજ સમક્ષ તેમણે મુકયા. તેમના શ્રેષ્ઠ રોલ મોડલને કારણે ગુજરાત અને દેશમાં બાળ શિક્ષણના ક્ષેત્રે મોટી ક્રાંતિ સર્જી શકાઈ.

– જીવનની સફળતા–સાર્થકતા માંથી સાભાર

### *હાસ્યમેવજયતે*

વિકીપીડીયાઃ "મારી પાસે બધું જ જ્ઞાન છે."
ગુગલઃ "મારી પાસે બધાની માહિતી છે."
ફેસબુકઃ "હુ બધાને ઓળખુ છુ."
ઈન્ટરનેટઃ "એક મિનિટ, મારા વિના તમે બધા નકામા છો."
ત્યા તો દુરથી ઈલેકટ્રીસિટી કંપની બોલી : "આવાઝ નીચે....!!!

રાત્રે બારવાગે રસ્તે જઈ રહેલા એક માણસને પોલીસે પકડીને કીધુઃ "ચાલ પોલીસ સ્ટેશન." માણસઃ "પણ મે શુ કર્યુ છે ?" પોલીસઃ "કશુ નહિ પણ મને એકલા જતા બીક લાગે છે."

**પરમેશ્વર તો અંદરથી સુચના આપ્યા કરે છે, એથી વધારે બીજુ કંઈ કરતો નથી.**

## અન્ન સુરક્ષા બેઠક રાજકોટ

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ એ રાષ્ટ્ર માટે અગત્યનો મુદ્દો છે. તા. ૨૬/૮/૧૩ ના રોજ લોકસભામાં અને તા. ૨/૯/૧૩ ના રોજ રાજયસભામાં રાષ્ટ્રીય ખાદ્યસુરક્ષા બીલ પાસ થયું છે. દેશહિત માટે આ ખૂબ અગત્યનો અને ચર્ચાનો વિષય છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પહેલેથી જ આ વિષય પર કાર્ય કરતી આવી છે અને હંમેશા આ મુદ્દાને ધ્યાને રાખ્યો છે. તો પાસ થયેલ બીલ પર ચર્ચા માટે તા. ૩/૯/૧૩ ના રોજ રાજકોટ ખાતે અન્ન સુરક્ષા પર મીટીંગ યોજાઈ હતી. દરેક નાગરિકને અન્નનો અધિકાર મળવો જોઈએ ૨૦૦૧ થી ૨૦૧૨ ના વર્ષે સુધીમાં ઘણા પ્રયત્નો થયેલા છે. મીટીંગમાં ચર્ચા કરવામાં આવી હતી કે એપીએલ, બીપીએલ અને અંત્યોદયનું સાર્વત્રિકરણ કરવાની જરૂર છે. ગર્ભાવસ્થા દરમિયાન અપૌષ્ટિક આહારને લીધે માતૃમરણના કેસો વધી રહયા છે. તો સરકાર પાસે ગુણવતા યુકત આહારની માંગણી કરવી. આ બીલમાં જેટલી ક્ષતિઓ જોવા મળી છે. તેની યાદી કરી. ઉપલા સ્તરે રજૂઆત કરવી તેવી ચર્ચા આ મીટીંગમાં થઈ હતી.

અન્ન સુરક્ષા યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારના ૭૫ % સુધીના લોકો તથા શહેરી વિસ્તારમાં ૫૦ % સુધીના લોકોને આવરી લેવામાં આવશે પણ આ ક્રાઈટેરિયામાં કોણ હશે તેની વિગતો સ્પષ્ટ થતી નથી. આ યોજનામાં ૨૫ કિલ્લો ધાન્ય આપવામાં આવશે તેમ દર્શાવ્યું છે. તેની જગ્યાએ તેની માત્રા ૩૫ કિલ્લો કરવી તેમજ મીલેટ (બાજરી, મકાઈ, જૂવાર) પણ સાથે આપવું. આ યોજનામાં દાળ તેલ આપવાની વાત નથી તો તે પણ મળે તેવી બાબતોની વિગતો એકઠી કરી. સ્થાનિક તેમજ ઉપલા સ્તરે રજૂઆત કરવા માટે આવેદન પત્ર તૈયાર કરવા નકકી કરવામાં આવ્યું. આ બેઠકમાં વ્યકિતગત સ્તરે તેમજ સંસ્થાકીય સ્તરે કાર્યરત વ્યકિતઓ જોડાયા હતા.

આ ઉપરાંત આ બેઠકમાં અન્ડર ધ  સ્ટાર્સ ના મુદ્દાને આવરી લેવામાં આવ્યો હતો. લોકો શુધ્ધ ભોજન દ્વારા સ્વમાનભેર જીવન જીવી શકશે. પરંતુ ભારતમાં અસંખ્ય લોકો ઘર વિહોણા છે. તેઓને રહેવા માટે કોઈપણ પ્રકારની વ્યવસ્થા નથી. પરિણામે તેવા લોકો ફુટપાથ પર રહે છે. અનરાધાર વરસાદ, ધોમધખતી ગરમી અને કડકડતી ઠંડીમાં પણ આ લોકોને ફુટપાથ પર જ રહેવું પડે છે. આવા લોકોની સમસ્યાઓને ધ્યાને લઈ સ્વેચ્છિક સંસ્થાઓએ આગળ ચાલીને ઝુબેશ ચાલુ કરી છે. જેમાં તેઓને *'Shelter home'* નો લાભ મળી શકશે. વિદ્યાર્થીઓને પણ ઘર વિહોણા લોકોને ઘર અપાવવાની ઝુબેશમાં સામેલ થઈ રાષ્ટ્રીય સ્તરે રજૂઆત કરવામાં સહયોગ આપે.

***સંકલન : સાજીત રાઠોડ***

***માણસ પોતે પોતાનો મિત્ર છે તેમજ શત્રુ છે, શું થવું તેણે નકકી કરવાનું છે.***

**Engage on this month**

| | |
|---|---|
| 1 | Monthely Team Meeting |
| 2-3 | letrine verification Survey |
| 2-6 | Child Right & education training |
| 3-7 | Training for VHSC (TOT) A'bad |
| 3 | Meetong on Food Security-Rajkot |
| 4, 23 | Discussion and MOU CADP II |
| 5-10 | ASER Training & ASer Survey |
| 11 | Panisamiti Members Training Una |
| 14 | VAW core group Meeting - Rakot |
| 15-18 | Farmer Exposure Visit- Navsari |
| 20 | Plant Protection Seminar- J'gadh |
| 23 | RIF Proposal Presentation, A'bad |
| 23 | Seva Sangam Meeting-Amreli |

| | |
|---|---|
| Aarti Shivanekar | 12-10-1982 |
| Bipin R Desani | 08-10-1975 |
| Bhikhu H.Ram | 22-10-1989 |
| Hina H.Patel | 30-10-1987 |
| Jigna C Dave | 28-10-1979 |
| Manoj Agravat | 13-10-1981 |
| Nilesh Masrani | 06-10-1978 |
| Nilesh Gavit | 19-10-1974 |
| Rajesh Joshi | 06-10-1986 |
| Trupesh Vaghasiya | 05-10-1990 |
| Vipul Agravat | 13-10-1981 |
| Vipul Maheta | 23-10-1979 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જ્ઞાન કરતા કલ્પના વધારે અગત્યની છે.**